# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૧૯/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની રજૂઆતને પગલે મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ યોજનામાં કોરોનાની સારવારનો સમાવેશ કરવા ગુજરાત સરકારની જાહેરાત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ યોજનામાં કોરોનાની સારવારનો સમાવેશ કરવા માટે કરેલી રજૂઆતને પગલે રાજ્ય સરકારે કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ યોજનામાં કોરોનાની સારવારનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે. સાથે જ કાર્ડની મુદત સમાપ્ત થયાના ત્રણ મહિના સુધી કાર્ડનો ઉપયોગ કરી શકાય તેવી રાહત પણ આપી છે.

ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, કોરોનાની બીજી શ્રેણી આખા દેશમાં અને મુખ્યત્વે ગુજરાતમાં વાયુવેગે પ્રસરી રહી છે એ સંજોગોમાં ઘણાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પણ આ બિમારીમાં સપડાય રહ્યાં છે. છેલ્લા એક વર્ષથી નોકરી ધંધામાં તકલીફનો અનુભવ કરી રહેલા વ્યક્તિઓનો ઘણો મોટો વર્ગ હોઇ તેમજ તેઓની આર્થિક સ્થિતિ નબળી થઇ છે. મુખ્યમંત્રી મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ યોજના કે જે રૂપિયા ૪ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવનાર પરિવાર માટે હોય છે અને આવી વ્યકિત કે તેમના પરિવારજનો કોવિડ–૧૯ની બિમારીમાં સપડાય તો તેઓને બિમારીની સારવારનો ખર્ચ પોસાય તેમ નહીં હોવાથી કોવિડ– ૧૯ની સારવારને મુખ્યમંત્રી મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ અંતર્ગત આવરી લેવા માટે અનુરોધ કરાયો હતો.